# પ્રકરણ : ૧૦
# ઝેર ચડવું

*<u>ઝેર ચડવાની ઘટનાના મુખ્ય કારણો:</u>*

★ અકસ્માત જેમકે ભૂલથી દવાને બદલે ઝેરી પદાર્થ પીવાઇ જાય; બાળક રમતમાં ઝેરી વસ્તુ ખાઇ જાય; ખોરાક બગડી જવાથી ઝેરી બની જાય; વગેરે.

★ આપઘાતના પયાસ રૂપે, ગુનાહિત પ્રવૃતિ રૂપે.

★ વ્યવસાયીક  કારણોસર.

*<u>મુખ્યત્વે ઝેરી પદાર્થ શરીરમાં નીચે મુજબ પ્રવેશે છે:</u>*

★ મોં વાટેઃ જાનવર-જીવડાં મારવાની દવા, કેરોસીન-પેટ્રોલ-વારનિશ, એસિડ, આલ્કાલી (ક્ષાર) સાબુ-ડિટર્જન્ટ, બ્લીચીંગ પાવડર, દિવાસળીના ટોપકાં, પારો, ડામરની ગોળી, કપુર, બાળાગોળી, અફીણ, ગાંજો, વગેરે, વગેરે.

★ ચામડી વાટે કે ચામડીની આરપારઃ ખેતરોમાં છાંટવાની કીટનાશક દવાઓ; કેમિકલ-રસાયણો (ખાસ તો તે બનાવવાના કારખાનામાં કે લેબોરેટરીમાં કામ કરનાને), સાંપ-વીંછીનો દંશ; વગેરે.

★ શ્વાસ માટેઃ ઘરમાં વપરાતો ગેસ; બળતણનો ધૂમાડો; જનરેટર-વાહનનો ધૂમાડો; ધડાકા-આગથી થતો ધૂમાડો; એમોનિયા, મિથાઈલ-આઈસોસાઈનેટ  જેવા અન્ય ઝેરી ગેસ જે વિવિધ કારખાનાઓ અને લેબોરેટરીમાં લીક થઈ શકે છે વગેરે. આ સિવાય પણ બીજી ઘણી-ઘણી રીતે ઝેર ચડી શકે છે.

*<u>ઝેર ચડયાના સામાન્ય ચિહ્નો:</u>*

જલદ પદાર્થ જેમ કે એસિડ, આલ્કલી ક્ષારો, કાચનો ભૂકો, ધાતુનો ભૂકો જલદ રસાયણો-દવાઓ જેવા પદાર્થ પેટમાં જતાં જતાં જ અસર કરે છે. તેનાથી મોં,ગળું, ચહેરો દાઝી જાય, ઊલટીઓ થાય, ઊલટીમાં લોહી નીકળી શકે છે, પેટમાં દુખે, ઝાડા થાય, તેમાં લોહી નીકળી શકે છે વગેરે.

જલદ પદાર્થ સિવાયના મોટાભાગે ઝેરી પદાર્થ ઊલટી, બેચેની, ઝાડા અને પેટમાં વેદના કરે. આ સિવાય નસકોરી ફૂટવી, લવારા, બેભાનાવસ્થા, શૉકની ગંભીર સ્થિતિ, શ્વાસ રૂંધાવો, તાણ, આંચકી જેવી અસર પણ થઈ શકે.

દર્દી જો બેભાન હોય તો તેણે શું ઝેર લીધું છે તેની ખબર પાડવા આસપાસની બાટલીઓ, દવાઓ, ચિઠ્ઠીઓ વગેરેની તપાસ કરવી આવશ્યક છે. ભાનમાં રહેલો દર્દી મોટેભાગે પૂછપરછ કરવાથી જ ઝેર લીધાની કબૂલાત કરી દે છે. કયું ઝેર લેવામાં આવ્યું છે તે જાણવું અત્યંત જરૂરી છે. જે તે ઝેરનૃં ખાસ મારણ

મળતુ હોય તો તેનાથી દર્દીની જીંદગી બચી શકે છે. દર્દીના મોં અને શ્વાસમાંથી કે ઊલટીમાંથી આવતી વાસ કે પદાર્થ પરથી કેરોસીન, પેટ્રોલ, વારનિશ, અફીણ, કપૂર, જીવડા મારવાની દવા, આયોડિન, દિવાસળીના ટોપકાં (લસણ જેવી વાસ) વગેરે જેવા ઝેરી પદાર્થની પરખ થઈ શકે છે. આ સિવાય દર્દીના કપડાં, તેનો વ્યવસાય, તેની માનસિક પરિસ્થિતિ વગેરે ઝેર વિશે થોડો ઘણો ખ્યાલ આપી શકે.

***ઝેરની સારવાર માટે નીચેના સામાન્ય નિયમો ધ્યાનમાં રાખવા:***

★ તરતજ ડોકટરની મદદ મંગાવવી, જે કંઇ ઘટના બની હોય તેની વિગતો નોંધી રાખવી, ઝેર મળ્યું હોય તો સાચવી રાખવું અને ઊલટીઓ પણ સાચવી રાખવી કારણકે તેને તપાસીને ડોકટરને ઝેર પારખવામાં અને તેની સારવાર કરવામાં સરળતા પડે છે.

★ દર્દી બેભાન હોય તો સૌથી પહેલાં તેનો શ્વાસ બરાબર ચાલે છે કે નહીં તે તપાસવુ. શ્વાસ નબળો ચાલતો હોય તો કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવાનું ચાલુ કરવું. ઝેર ચડેલા દર્દીને કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપતી વખતે ધ્યાન રાખવું કે શ્વાસ આપનારે તેના મોં વડે દર્દીના મોંમા શ્વાસ ના આપવો કારણ કે આમ કરતાં દર્દીના મોંમાં રહેલો ઝેરી પદાર્થ સારવાર આપનારને અસર કરી શકે છે. આ કારણસર કૃત્રિમ શ્વાસોચ્છવાસ માટે બીજી કોઇ રીત વાપરવી (જેમકે હોલ્ગર નિલ્સનની રીત). આ શ્વાસોચ્છવાસ ડૉકટર આવે ત્યાં સુધી ચાલુ રાખવો.

★ જો શ્વાસ બરાબર ચાલતો હોય તો દર્દીનું મોં અંદરથી સાફ કરી તેને પોણે પડખે ઊંધો સુવાડવો (જુઓ પ્રકરણ-પની આકૃતિ). આમ સુવડાવવાથી ઉલ્ટી કરેલી ચીજ શ્વાસનળીમાં ઉતરશે નહીં અને જીભ પણ શ્વાસ લેવામાં આડે નહીં આવે.

★ ઝેર મોં વાટે લેવામાં આવ્યુ હોય તો તેને બને તેટલું વહેલું કાઢી નાખવુ જોઇએ જેથી તે શરીરમાં વધુ પ્રસરે નહીં. બેભાન દર્દીમાં ઊલટીઓ કરાવી શકાય નહીં. તેના પેટમાં નળી ઉતારીને પેટ સાફ કરવું પડે. પરંતુ ઘરે આવું સામાન્ય માણસથી સહેલાઇથી શકય નથી.

★ જો દર્દી ભાનમાં હોય તો તેને ઊલટીઓ કરાવવી જોઈએ. પણ નીચે જણાવેલ સંજોગોમાં ઊલટીઓ ના જ કરાવવી કારણકે, તે વખતે ઊલટી વધુ નુકસાન કરે છે.

***નીચેના સંજોગોમાં ઊલટી કરાવવી નહી:***

(૧) બેભાન દર્દી. (૨) દર્દીએ જલદ તેજાબ (એસિડ) કે આલ્કલી પી લીધું હોય. તેના હોઠ, મોં, ચહેરા પર ઝેરથી બળ્યાં કે દાઝયાના નિશાન હાય, ગળામાં પુષ્કળ બળતરા થતી હાય. (૩) દર્દીએ કેરોસીન, પેટ્રોલ, વારનિશ જેવો પદાર્થ લીધો હોય. (૪) દર્દીના શરીરનું તાપમાન ઘણું ઠંડુ હોય કે તે

શૉકમાં હોય. (૫) દર્દીને ખેંચ (તાણ, આંચકીઓ) આવતી હોય. (૬) દર્દીને હૃદયની બીમારી હોય કે સગર્ભાવસ્થા હોય.

ઉપરોકત કોઇ સંજોગો ના હોય, દર્દી સંપૂણપણે સભાન હોય અને મોં વાટે ઝેર લીધેલું હોય તો જ ઊલટીઓ કરાવવી.

*ઊલટી કરાવવા માટે નીચેની રીતો વાપરી શકાય:*

(૧) દર્દીના ગળામાં આંગળી કે ચમચી વડે ઊંડે સધી અડકવાથી ઊબકો આવે અને સાથે ઊલટી પણ થાય. (૨) ગ્લાસ ભરીને હૂંફાળા ગરમ પાણીમાં માટો ચમચો ભરી મીઠું નાખીને બનાવેલ ખાસ પાણી પીવડાવવું. (૩) ચમચોભાર વાટેલી રાય હૂંફાળા ગરમ પાણીમાં નાંખી પીવડાવીને ઊલટી કરાવી શકાય.

ઊલટી કરાવતી વખતે દર્દીને ઊંધો સુવડાવી રાખવો જેથી ઊલટીનું દ્રવ્ય શ્વાસમાં ઉતરે નહીં. જ્યાં સુધી ઊલટીમાં નીકળતું પાણી પીવડાવેલા પાણી જેટલું ચોખ્ખું ના નીકળે ત્યાં સુધી ઊલટીઓ કરાવ્યે રાખવી.

★ ઊલટીથી બધું ઝેર નીકળી જાય એવું દરેકમાં શકય નથી. તેથી ઝેરને પેટમાં જ નિષ્ક્રિય કરવા માટે પગલાં પણ સાથોસાથ લેવા જોઇએ.

*ઝેરને પેટમાં જ નિષ્ક્રિય કરવા માટે નીચેની યાદીમાંથી વસ્તુઓ વપરાય:*

(૧) દૂધ, ઈંડાની સફેદી, તેલ, એન્ટાસિડ દવા (એલ્યુમિનીયમ હાઇડ્રોક્સાઇડ), ચોક, કેળાં, વગેરે. (૨) એસિડ પીવાયો હોય તો તેને નિષ્ક્રિય કરવા સોડા-બાઇકાર્બ (ખાવાનો સોડા) આપવો નહીં કારણ કે તેનાથી કાર્બનડાયોકસાઇડ બનશે જે વધુ નુકસાન કરશે. પણ તે માટે નબળો ક્ષાર વાપરી શકાય જેમ કે એન્ટાસિડ પ્રવાહી, મીલ્ક ઓફ મેગ્નેશીયા અથવા ખૂબ પાણી આપવું. ચોકનો ભૂકો, ભીંતનો ચૂનો પણ વાપરી શકાય. (૩) જલદ ક્ષાર કે કોસ્ટીક જેમ કે સાબુ ડિટર્જન્ટ, એમોનિયા, વગેરે પીવાઈ ગયું હોય તો નબળા એસિડ આપવા જેમ કે વિનેગર (સરકો), લીંબુનુ પાણી, ફળોનો રસ, દૂધ, ઈંડાની સફેદી અથવા પાણી આપી શકાય. (૪) પોટેશિયમ પરમેન્ગેનેટ (૧ લીટર પાણીમાં ૧ ગ્રામ જેટલું). (૫) કડક ચા પણ વાપરી શકાય. (૬) જ્યારે ઝેર વિશે, કોઈ માહિતી ના હોય ત્યારે બે ભાગ બાળેલા ટોસ્ટનો પાવડર અને એક ભાગ કડક ચા સાથે એક ભાગ મેગ્નેશીયમ ઓક્સાઈડ ભેળવી દર્દીને આપી દેવુ.

★ વધુ સારવાર માટે દર્દીને હૉસ્પિટલ ખસેડવો અને પોલીસને જાણ કરવી.